# <u>એડીશ્નલ ચીફ મેટ્રો પોલીટન મેજીસ્ટ્રેટ, અમદાવાદની કોર્ટ</u>
# <u>કોર્ટ નં.૩૨ (નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટસ એકટની કોર્ટ)</u>

**<u>ફોજદારી પરચુરણ અરજી નં. 6133/ ૨૦૧૯</u>**

**<u>: : આંક – ૦૧ તળે હુકમ : :</u>**

હાલની ફરીયાદ રજુ થતાં , સદર ફરીયાદ ફોજદારી પરચુરણ અરજી રજિસ્ટરે નોંધવામાં આવેલ. ફરિયાદીના વિધ્વાન વકીલશ્રીને સાંભળ્યા.

ફરીયાદ હકીકત વંચાણે લીધી. ફરીયાદીએ ફરીયાદ સાથે રજુ કરેલ સોંગદનામુ તેમજ દસ્તાવેજી પુરાવા લીસ્ટ ધ્યાને લીધું. <u>*નામદાર સર્વોચ્ચ અદાલતે ઈન્ડીયન બેંક એસોશીએશન અને અન્ય વિરૂધ્ધ યુનિયન ઓફ ઈન્ડીયા અને અન્ય, (૨૦૧૪) ૫ એસસીસી ૫૯૦*</u> માં પ્રસ્થાપિત કરેલ સિંધ્ધાતો ધ્યાને લીધાં. ફરીયાદી તરફે રજુઆત છે કે ચેકમાં આરોપી ની સહી છે .

ફરીયાદ હકીકતો અને સાથે રજુ કરેલ દસ્તાવેજો ધ્યાને લેતાં, પ્રથમ દર્શનીય રીતે હાલની ફરીયાદમાં ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટસ એકટ, ૧૮૮૧ ની કલમ–૧૩૮ મુજબના ગુન્હાના તત્વો આકર્ષાતા હોય તેવું જણાઈ આવે છે. નામદાર સર્વોચ્ચ અદાલતનો ચુકાદો વંચાણે લેતાં, જો ફરીયાદ, પુરાવાનું સોંગદનામુ અને દસ્તાવેજો ધ્યાને લઈને પ્રથમ દર્શનીય રીતે ગુન્હો બનતો જણાઈ આવતો હોય તો, ગુન્હાનું સીધુ કોગ્નીઝન્સ લઈ શકાય છે.

પરિણામે, હાલની ફોજદારી પરચુરણ અરજી ફેંસલ ગણીને, **<u>ફરીયાદ ફોજદારી કેસ રજીસ્ટરે નોંધવાનો હુકમ કરવામાં આવે છે.</u>** આરોપી વિરૂધ્ધ ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ ની કલમ–૨૦૪ અન્વયે ધી નેગોશીયેબલ, ઈન્સ્ટ્રુમેન્ટસ એકટ, ૧૮૮૧ ની કલમ–૧૩૮ મુજબના ગુન્હા સબબનો સમન્સ કરવાનો હુકમ કરવામાં આવે છે.

સદર આરોપી વિરૂધ્ધ નિયત નમુનામાં સમન્સ કાઢવાનો હુકમ કરવામાં આવે છે તેમજ સદર આરોપીને પ્રથમ મુદતે જામીન સાથે હાજર રહેવા સમન્સમાં નોંધ કરવાનો હુકમ કરવામાં આવે છે.

ફરિયાદીની વિનંતી ધ્યાને લેતાં, ફરિયાદી આરોપીને સમન્સ સામાન્ય રીતે ઉપરાંત આર.પી.એ.ડી. અને ઈ–મેઈલથી બજાવી શકશે પરંતુ ઈ–મેઈલથી બજવણી માટે તેઓએ આરોપીનું ઈ–મેઈલ એડ્રેસ ખરૂ છું તેવુ જાહેર કરવાનું રહેશે.

**ફરી મુદત તારીખ: ૦૩. ૦૨. ૨૦૨૦**

સ્થળ:અમદાવાદ.
તા.૨૩–૧૨ –૨૦૧૯

( રાજેન્દ્ર. એચ. પ્રજાપતિ )
એડીશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
(નેગો.ઈન્સ્ટ્રુમેન્ટસ એકટ, કોર્ટ નં.૩૨)
અમદાવાદ(જીજે–૦૦૮૮૯)